ગુજરાતી ધોરણ : 8 પ્રથમ સત્ર

પાઠ-1 ગઢની રઢ છોડો એકમ ટેસ્ટ કુલ ગુણ ૨૫

**પ્રશ્ન ૧. નીચેના પ્રશ્નોના એક વાક્યમાં ઉત્તર લખો. [૫ ગુણ]**

૧. ભાનુકુમાર ત્રિવેદી કયા ગામના વતની છે? ..................................................

૨. લોકકથાનું મધ્યબિંદુ કઈ ઘટના છે?

---

૩. વાવ નગર કઈ નદીની ધરતી પર વસેલું છે? ..................................................

૪. રાણા વજેસંગજીની આંખમાં નિંદર કેમ ન હતી?

---

૫. પાડોશી રાજના સેવકો ખેડૂતો પાસે શા માટે આવ્યા હતા?

---

**પ્રશ્ન ૨. કૌંસમાં આપેલા શબ્દોમાંથી યોગ્ય શબ્દ પસંદ કરી ખાલી જગ્યા પૂરો. [૫ ગુણ]**

**(અતિથિ, શૌર્ય, દરખાસ્ત, ગઢ, અઢારે વરણ)**

૧. રાજા તરીકે પોતાનાં સંતાન સમ વહાલી વાવની પ્રજાની સલામતી માટેનો ઉચાટ અવશ્ય છે. પોતે તો પ્રબળ ______ ના સ્વામી.

૨. રાણાએ શાંતિપૂર્વક બીજી ______ મૂકી કે, 'આપણે એમ કરીએ, વાવ નગરને ફરતો મજબૂત ______ ચણાવી લઈએ તો?'

૩. એમની સાથે જે મળ્યું એ હથિયાર લઈ ______ જોડાઈ હતી.

૪. આ તો ઈશ તણો આવાસ, તું આમંત્રિત ______ એનો.

**પ્રશ્ન ૩. નીચે આપેલા ગદ્યખંડને વાંચી તેની નીચે આપેલા પ્રશ્નોના જવાબ લખો. [૫ ગુણ]**

સમસ્ત વાવ-ઢીમા-સુઈગામ પંથકના દરબારો-જાગીરદારો, સોલંકી, ચૌહાણ, પરમાર, વેંઝીયા રાજપૂતો હજારોની સંખ્યામાં હાજર હતા. એકબીજાના હાથમાં હાથ પરોવી શકાય એટલા નજીક હતા. બધા જ ખુલ્લી તલવારો-ભાલા બરછીઓની સજાવટ સાથે એક હારમાં ઊભા હતા. એમની સાથે જે મળ્યું એ હથિયાર લઈ અઢારે વરણ જોડાઈ હતી. રાજની પ્રજામાં જુસ્સો પ્રેરતી મહિલાઓ પણ જોડાઈ હતી. જાણે કહેતી હોય કે "આ ધરતીમાનો ખોળો અમે પણ ખૂંદ્યો છે." રાણો કંઈ વિચારે એ પહેલા, એ કતારમાં ઉભેલા સઘળા શૂરવીરોએ રાણાને પૂછ્યું. 'બાપુ, શું તમને આ

shikshansagar.com

જીવતા ગઢ ઉપર ભરોહો નથી ? તો એ માટી કાંકરા અને ઈંટોનો ગઢ તમારે ચમ બનાવવો છે? આ કતારમાં રે'લો એક એક વીર હો હો જણને પૂરો પડે તેમ સે. અમારી લાશો ઉપર થઈને કોઈ રજવાડું તો શું - એક ચકલુંય વાવમાં પગ નહીં મૂકી શકે, પછી તમારે ચણતરનો ગઢ શું કરવો સે?'

૧. વાવના સીમાડે કોણ કોણ હાજર હતા? ............................................................

૨. બધા શૂરવીરો કેવી રીતે ઊભા હતા? ............................................................

૩. તેમની સાથે બીજું કોણ જોડાયું હતું? ............................................................

૪. શૂરવીરોએ રાણાને શું પ્રશ્ન પૂછ્યો? ............................................................

૫. શૂરવીરોએ ચણતરનો ગઢ બનાવવાની શા માટે ના પાડી?

..................................................................................................................

**પ્રશ્ન ૪. સૂચના મુજબ કરો. [૫ ગુણ]**

**૧. નીચે આપેલા રૂઢિપ્રયોગનો અર્થ આપો.**

ગઢની રઢ છોડવી: અર્થ:

**૨. નીચે આપેલા શબ્દસમૂહ માટે એક શબ્દ આપો.**

મંજૂરી માટે રજૂ થતી સૂચના, પ્રસ્તાવ:-

**૩. નીચે આપેલા શબ્દોના સમાનાર્થી શબ્દો લખો.**

મલક: ઉચાટ:

**૪. નીચે આપેલા શબ્દનો વિરુદ્ધાર્થી શબ્દ લખો.** નિંદર x ______

**૫. 'કર્ણોપકર્ણ' શબ્દનો અર્થ શું થાય છે?** ......................................

**પ્રશ્ન ૫. નીચેના પ્રશ્નોના ત્રણ-ચાર વાક્યમાં ઉત્તર લખો. [૫ ગુણ]**

૧. વાવ નગરની પ્રજાએ રાણા પ્રત્યે પોતાનું માન અને વિશ્વાસ કેવી રીતે વ્યક્ત કર્યો?

..................................................................................................................

..................................................................................................................

૨. 'ગઢની રઢ છોડો !' લોકકથામાંથી તમને શું બોધપાઠ મળે છે?

..................................................................................................................

..................................................................................................................

shikshansagar.com · The King of Education · શિક્ષણ સાગર